સ્થિરતા અષ્ટક: શ્લોક-૧

વત્સ! કિં ચંચલ સ્વાન્તો, ભ્રાન્ત્વા વિષીદસિ
નિધિં સ્વસન્નિધાવેવ, સ્થિરતા દર્શયિષ્યતિ

શ્લોકાર્થ:
હે વત્સ! ચંચળ ચિત્તવાળો થઈ તું ભટકી ભટકીને ખેદ (દુઃખ) કેમ પામે છે? સ્થિરતા જ, તને તારી પાસે જે "નિધિ" (ખજાનો) છે તે બતાવશે.

ભાવાર્થ: હે વત્સ! એવું સંબોધન કરીને ગુરુ વાત્સલ્ય ભાવ દર્શાવીને કહે છે, કે તું જેને માટે મહેનત કરી રહ્યો છે તે બહાર છે જ નહિ. તારા આત્મામાં એ 'નિધિ' એટલે ખજાનો પડ્યો છે. તારી દશા "કસ્તુરી મૃગ" જેવી છે. કસ્તુરી મૃગની નાભિમાં કસ્તુરી છે તે મૃગ જ્યારે કામાતુર થાય છે ત્યારે તેની નાભિમાંથી સુગંધ પ્રસરે છે. કસ્તુરી મૃગ, તે સુગંધ ક્યાંથી આવે છે તે શોધવા ચારે બાજુ દોડે છે. ભટકી ભટકીને થાકે છે, ખેદ પામે છે. તેને ખબર નથી કે જેની શોધમાં છે તે ખજાનો અંદર છે.

આત્માના એક એક પ્રદેશ ઉપર અનંત અનંત ગુણો પડેલા છે. તેના ઉપર કર્મનું આવરણ છે. અસ્થિરતાને કારણે આવરણ દૂર થતાં નથી. જો સ્થિરતા આવે તો જ આવરણ દૂર થાય, એટલે કે કર્મો તૂટે.

આત્મામાં કર્મબંધ થાય છે પાંચ કારણોથી.
૧, મિથ્યાત્વ ૨, અવિરતિ ૩, પ્રમાદ ૪, કષાય અને ૫, યોગ
કદાચ પહેલા ચાર ન હોય તો પણ યોગ હોય ત્યાં સુધી
આત્મપ્રદેશોનું કંપન છે, એટલે કે સ્થિરતા નથી.

- મિથ્યાત્વ: અપુનર્બંધક આત્મામાં મિથ્યાત્વ કંઈક અંશે મંદ થવાથી સાધ્યની દ્રષ્ટિ આવે છે.

- અવિરતિ (૪ થું ગુણસ્થાન: અવિરત સમ્યગ્દૃષ્ટિ). ૪ થા ગુણસ્થાનકે મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષય-ઉપશમ- કે ક્ષયોપશમ થવાના કારણે નિર્વિકલ્પ અવસ્થાની આંશિક શરૂઆત થાય છે.

- આંશિક અણુવ્રતોના પાલનથી આત્મા અવિરતિ માંથી દેશવિરતિ અવસ્થા પ્રાપ્ત કરે છે. આમ મિથ્યાત્વ અને અવિરતિ જાય છે પણ પ્રમાદ, કષાય અને યોગ ચાલુ છે માટે સ્થિરતા નથી.

- જ્યારે આત્મા પાંચ મહાવ્રત લઈને દીક્ષા લે છે અને સર્વવિરતિ ધારણ કરે છે ત્યારે સ્થિરતાની નજીક આવે છે. પરંતુ પ્રમાદ, કષાય અને યોગ ની માત્રા ઘટે છે.

- ૭ મા ગુણસ્થાને પ્રમાદ જાય છે એટલે કે અપ્રમત્ત અવસ્થા આવે છે. કષાય અને યોગ ચાલુ છે.

- ૧૦ મા ગુણસ્થાને માત્ર સૂક્ષ્મ લોભ સિવાય મોહનીય કર્મનો નાશ થાય છે.

- ૧૨ મા ગુણસ્થાને મોહનીય કર્મ સંપૂર્ણ પણે નાશ પામે છે અને આત્મા 'વીતરાગ' બને છે. હવે કષાય જાય છે, માત્ર યોગ રહે છે.

આમ ૧૨ મા ગુણસ્થાને મોહ નથી, તેથી વિકલ્પોનો સંપૂર્ણ નાશ થાય છે. ૧૧ મા ગુણસ્થાને (ઉપશમ શ્રેણીમાં) મોહ સર્વથા ઉપશાંત થાય છે.

સ્થિરતા આવે ત્યારે વિકલ્પ વિનાની અવસ્થામાં જવું તે મગ્નતા.

લોભના ઉદયે આત્મા અસ્થિર થયો, મન ચંચળ બન્યું, આત્મા અશાંત બની ગયો. લોભમાં વેગ લાવવાનું કારણ મિથ્યાત્વ છે. સમ્યક્ત્વ હોય ત્યાં લોભ હોઈ શકે પણ તેમાં વેગ ન હોય.

જ્યારે મિથ્યાત્વ ઘર કરી ગયું હોય છે ત્યારે તે સત્ય વાતને સમજવા દેતું જ નથી. મનવાળાનો જ વ્યક્ત-અવ્યક્ત મિથ્યાત્વ પ્રગટ થાય છે. મનની ચંચળતાનું કારણ મિથ્યાત્વ છે

ભગવાન સીમંધર સ્વામીનો મનયોગ, વચનયોગ અને કાયયોગ એમ ત્રણે યોગ ચાલુ છે, કારણકે હાલમાં સદેહે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહ્યા છે. તેઓ અત્યારે ૧૩ મા ગુણસ્થાને છે. ૧૩ મા ગુણસ્થાનના અંતે આત્મા અયોગી કેવળી અવસ્થા પ્રાપ્ત કરે છે. ૧૪ મા ગુણસ્થાને શૈલેશીકરણની પ્રક્રિયા (મન-વચન-કાયા શૈલેશી એટલેકે પર્વતની જેમ સ્થિર થાય) થાય ત્યારે બધા આત્મપ્રદેશો સ્થિર થાય. એ પછી નવું એકપણ કર્મ ન આવે. આપણા માટે અત્યારે ત્યાં સુધી પહોંચવું શક્ય નથી પરંતુ ૭ મા ગુણસ્થાને પહોંચવાની સ્થિરતા આવે તો પણ ખજાનો દેખાશે.

આપણે એ ભજનો ખાલી ગાતા નહિ કારણ કે મન
સંયમ લેવાને બારે બાજુ ભટકી રહ્યું છે. સંસારમાં ભમતા
ચાલુ જ છે. કેમ? કારણ કે સંસારની જવાબદારી
ઓછી થતી જ નથી, વધતી જ જાય છે. વજન થયાં પછી
માણસ સંસારના કાદવમાં વધુ ખૂંપે છે. આપણો
ચારિત્ર ગ્રહણ કરવાનું મન થતું નથી કારણ કે મોહનીય
પદાર્થોનું આકર્ષણ વધુ છે.

૪. સ્વાધ્યાયમાં મહારાજ સાહેબ આ શ્લોકમાં કહે છે કે
તું જે સુખ શોધે છે તે તારા આત્માની અંદર જ છે.
તારા મનમાંથી સાંસારિક ભાવો કાઢી નાખ તો સ્થિરતા
આવશે. દૃઢમાંથી દૂર ત્યારે જ મન જો દૃઢ સ્થિર
ધારણ તો.
હે વત્સ! તારી પોતાની પાસે જ, તારા પોતાના આત્માના
શુદ્ધ - અનંત - અખંડ ગુણોની સંપત્તિનો ભંડાર છે.
બાહ્ય દૃષ્ટિ ત્યજનો અંતર્દૃષ્ટિવાળો થા, તો તારી સ્થિરતા જ
તારી પાસે રહેલો ભંડાર તને દેખાડશે.
અનાદિ કાળથી તને વળગેલા પાંચ ઇંદ્રિયોના વિષયોનાં
સુખોનો જે આસ્વાદ છે તેને કારણે આવેલી ચંચળતાનો
~~ત્યજને~~ ત્યજને શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રવાળા
અનંતગુણમય એવા શુદ્ધ આત્મામાં જ લયલીન થા.
તું આવા શુદ્ધ આત્મભાવમાં જ સ્થિર થા.

સ્થિરતા અષ્ટક : શ્લોક-૨

જ્ઞાન દુગ્ધં વિનશ્યેત, લોભ વિક્ષોભ કૂર્ચકૈઃ
અમ્લ દ્રવ્યાદિવાસ્થૈર્યાત્, ઇતિ મત્વા સ્થિરો ભવ.

શ્લોકાર્થ:
અસ્થિરતારૂપ ખાટા પદાર્થથી જ્ઞાનરૂપ દૂધના
કૂચા થઈ જાય છે. લોભના વિકારરૂપ કૂચાથી બગડી
જાય છે એમ જાણીને સ્થિર થા.

ભાવાર્થ: આ શ્લોકમાં ત્રણ ઉપમાઓ આપેલી છે.
જ્ઞાન રૂપી દૂધ, ખાટા પદાર્થ રૂપી અસ્થિરતા, અને
લોભના વિકારરૂપી કૂચા.
ખાટા પદાર્થોના સંયોગથી દૂધ કૂચા રૂપે થઈને નાશ પામે છે.
તે રીતે અસ્થિરતાથી લોભની વૃદ્ધિ થતાં આત્મદ્રવ્યના
એટલે કે આત્માના સ્વરૂપના સુખનો પણ નાશ થાય છે.
લોભ આત્મ-સ્વભાવની અનુભૂતિમાં બાધક બને છે.
લોભ ... જાણવાની ઇચ્છા તો પણ
બધા મારા માટે શું બોલે છે એ
પરભાવની ઇચ્છા. આ લોભનો પરિણામ છે. લોભ એ
મોહનો પરિણામ છે માટે એ પુદ્ગલના વિષયોમાં જ ગણાય.

શંકા: આત્માના ગુણો જ્ઞાન પ્રાપ્તિથી પ્રગટે કે મોહ નાશથી પ્રગટે?
ગુણોનો સ્વભાવ છે કે મોહનો ઘટાડવો.

સમાધાન: જેમ જેમ મોહ ઓછો થાય તેમ તેમ આત્મા ગુણસ્થાનક
પર આરોહણ કરે. જ્ઞાનીઓએ જ્ઞાનનો આધાર ગુણસ્થાનક
નહિ કહ્યો પણ મોહના ક્ષય - ક્ષયોપશમ કે ઉપશમ પર જ

ગુણોનો વિશ્વાસનો આધાર છે.

આપણો સૌથી ઉત્તમ ગુણ જ્ઞાન છે. આ ગુણ આત્માને દૂધની જેમ પુષ્ટ કરનારો છે. વધારે મહેનત મોહનીયને દૂર કરવા માટે કરવાની છે. જ્ઞાન ગુણ સૌથી પહેલો છે જે સમજાવે છે કે મોહનીયને દૂર કરો. પરંતુ જ્ઞાનરૂપી દૂધ, લોભથી ખાટું થાય છે.

જ્યાં લોભ હોય ત્યાં ક્રોધ, માન, માયા હોય જ. લોભને પાપનો બાપ કહ્યો છે.

કોઈ આપણી પ્રશંસા કરશે તો અહંકાર આવશે (માન કષાય).
જો પ્રશંસા ન કરે તો ક્રોધ ઉત્પન્ન થશે.
આવે માટે ૧૮ મો
પ્રશંસા ન કરે તો માયા કરીને
ઉપવાસ છે એમ કહે એટલે સામાને પ્રશંસા કરવી જ પડે.
ટૂંકમાં લોભ હોય તો ક્રોધ, માન, માયા હોય જ.

આજના કાળે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ઘણો વધ્યો છે. પરંતુ પોતાના આત્માને ભૂલી જાય તો તે જ્ઞાન, અજ્ઞાન છે. આત્માનો જ્યાં સુધી સમ્યગ્દર્શન ન હોય ત્યાં સુધી નવ પૂર્વનું જ્ઞાન પણ અજ્ઞાન બને છે.

જિનવાણી તો આપણે ઘણા વર્ષોથી સાંભળીએ છીએ પણ આપણામાં પરિવર્તન કેમ નથી આવતું?
મુખ્ય કારણ એ છે કે આત્મામાં સ્થિરતા આવી નથી.
માટે હે આત્મન્! તું શ્રદ્ધાન કર (સમ્યગ્દર્શન), તું જ્ઞાન પામ (સમ્યગ્જ્ઞાન) અને પછી ચારિત્રનો પરિણામ (સ. ચારિત્ર) કેળવ. આ ત્રણેની જ્યારે એકતા થશે ત્યારે તું આત્મામાં સ્થિરતા પામીશ.

## સ્થિરતા અષ્ટક : શ્લોક - 3

અસ્થિરે હૃદયે ચિત્રા, વાઙ્. નેત્રાકાર ગોપના
પુંશ્ચલ્યા ઇવ કલ્યાણી, કારિણી ન પ્રકીર્તિતા.

**શ્લોકાર્થ:**

હૃદય અસ્થિર હોય તો ભિન્ન ભિન્ન પ્રકારે વાણીની, નેત્રની અને આકારની ગોપનક્રિયા કુલટા (વ્યભિચારી) સ્ત્રીની જેમ કલ્યાણકારી કહી નથી.

**ભાવાર્થ:**

જે સ્ત્રી હૃદયમાં પરપુરુષ પ્રત્યે રાગ કરે છે અને બહારથી પોતાના પતિ પ્રત્યે પ્રેમ બતાવે છે તે સ્ત્રીને અસતી કહેવામાં આવે છે, અથવા કુલટા કહેવામાં આવે છે.

"વાઙ્.નેત્રાકાર ગોપના" આ શબ્દો શ્લોકમાં કહ્યા છે.
તેનો અર્થ એ કે વાણી, નેત્ર અને આકારનું ગોપન.
વાણીનું ગોપન એટલે મૌન
નેત્રનું ગોપન એટલે આંખો બંધ કરી ધર્મક્રિયા કરવી.
અર્થાત્ ધ્યાન ધરવું.
આકારનું ગોપન એટલે સંસારી કપડા બદલીને સાધુનો વેશ પહેરવો. અથવા સામાયિક, પ્રતિક્રમણ આદિ ક્રિયા કરતી વખતે ધોતી-ખેસ (શ્રાવકનો આકાર) આદિ વેશ પહેરવો.
આ બધું કરતા જો મન અસ્થિર હોય તો (સંસારી ભાવોમાં જ મન રમતું હોય) તો નિરર્થક છે.

કર્મ નિર્જરા થતી નથી.

ટૂંકમાં, જો મનુષ્યના હૃદયમાં બાહ્ય પદાર્થોની આસક્તિ છે, આ લોક અને પરલોકના પૌદ્ગલિક સુખોની સ્પૃહા છે, તે મનુષ્ય વાચિક કે કાયિક ગમે તેટલી ધર્મક્રિયાઓ કરે, તે ધર્મક્રિયાઓ તેનું કલ્યાણ કરતી નથી. હૃદયમાં સંસારની વાસના અને આચરણમાં ધર્મ રાખનારો મનુષ્ય કુલટા સ્ત્રી જેવો છે.

જેમ બિલાડી (cat) ઉંદરને પકડવા શરીરમાં વધારો વાગી ટુકડો મારવાની શક્તિ પ્રગટ કરવા શરીરનો સંકોચનો સ્થિર રહે છે પણ તે કેવળ શિકાર મેળવવા પૂરતું જ છે. તેમ આલોક અને પરલોકના સુખની ઇચ્છાથી જો ધર્મક્રિયા કરાય તો તે ધર્મક્રિયા આલોક અને પરલોકનાં સુખ માટે જ કરાય છે. આમાં સાધ્ય શુદ્ધ નથી. ધારો કે તે ક્રિયા આલોક અને પરલોકના સુખો આપે તો પણ તે આપીને ત્યાં જ વિરામ પામી જાય છે, કલ્યાણ કરનારી બનતી નથી.

આ રીતે ધર્મક્રિયાઓ કરવી તે કુલટા સ્ત્રીના આદરસત્કાર જેવી દંભક્રિયાઓ છે. ક્રિયા રૂપી ઔષધ આત્મ ગુણોની ભેટ આપે જ. ઉપધાનમાં પાંચ સમિતિની શુદ્ધિ પંચાચારના પાલન દ્વારા થવાની છે.

- જ્ઞાનાચાર : નવકારની સાધના, વ્યાખ્યાન (જ્ઞાન શુદ્ધિ)
- દર્શનાચાર : દેવવંદન આદિ (સમ્યક્ત્વ શુદ્ધિ)
- ચારિત્રાચાર : પૌષધની તમામ ક્રિયા (ચારિત્રની શુદ્ધિ)
- તપાચાર : ઉપવાસ - આયંબિલ (તપની શુદ્ધિ)
- વીર્યાચાર : 100 ખમાસમણા (વીર્ય શુદ્ધિ)

આમ ઉપધાન જેવી ધર્મક્રિયા સ્થિરતા લાવવામાં નિમિત્ત બની શકે.

સ્થિરતા અષ્ટક : શ્લોક - ૭

અન્તર્ગતં મહાશલ્યં અસ્થૈર્યં યદિ નોદ્ધૃતમ્
ક્રિયૌષધસ્ય કો દોષ, સ્તદા ગુણમયચ્છતઃ

શ્લોકાર્થ:
જો અંતરમાંથી મહાશલ્ય રૂપ અસ્થિરતા દૂર કરવામાં
ન આવે તો ગુણ નહીં કરનાર, ધર્મ ક્રિયા રૂપ
ઔષધનો શું દોષ ?
જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ: જ્ઞાની કદી ક્રિયા વગરનો ન હોય,
ક્રિયાવાળો જ્ઞાનની ઉપેક્ષા ન કરે. બન્ને મોહને દૂર
કરી શકે છે. ચારિત્રની ક્રિયાને પણ મોક્ષમાં ફેરવી નાંખવાની
સાક્ષાત જ્ઞાનીમાં છે. ક્રિયાનો છોડવાની નહિ પણ તેને
જ્ઞાનાત્મક બનાવવાની છે.
તમામ પર દ્રવ્યમાં રહેલી સુખબુદ્ધિને હટાવવાની છે.
અશુભ વૃત્તિ હટી જાય પછી અશુભ પ્રવૃત્તિ પણ
આત્મતત્વગુણમાં વિક્ષેપ નહીં કરી શકે.
"લોગસ્સ ઉજ્જોઅગરે" શબ્દથી પરમાત્માએ પહેલા
કેવળજ્ઞાનથી પોતાના અસંખ્ય આત્મ પ્રદેશોને પ્રકાશિત
કર્યા ત્યાં અને પછી લોકાલોકને પ્રકાશિત કર્યા.
આત્મા મિથ્યાત્વ ભાવથી જેટલે અંશે સુખ બુદ્ધિ દૂર કરશે તેટલી તેની
જ્ઞાન દૃષ્ટિ વિકાસ પામે. ૧ થી ૭ ગુણસ્થાનક સુધી
જ્ઞાન (દૃષ્ટિ) પ્રધાન છે. ૮ થી ૧૩ ગુણસ્થાનક સુધીનો
વિકાસ ક્રિયાયોગથી જ છે. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકે

સાધુ જેટલા અંશે અપ્રમત્ત બને તેટલા અંશે સાધુનું ક્રિયાયોગ રૂપ ચારિત્ર મોહને દૂર કરનારું બને, <u>આવી ક્રિયાયોગ ઔષધ રૂપ બને.</u> મન-વચન-કાયાની પ્રવૃત્તિ દ્વારા મોહ હટે તે ક્રિયાયોગ ભવરોગ માટે ઔષધ રૂપ બને.

<u>આત્મા પર સ્વભાવમાં રમતો હોય અને ક્રિયા ધર્મ માટેની કરતો હોય તો તે ક્રિયા આત્માનું ઔષધ કઈ રીતે બની શકે?</u> અપથ્યનું સેવન કરો છો અને ઔષધ પણ લો છો તો જે રોગને દૂર કરવો છે તે દૂર થાય? શરદી થઈ હોય અને ઠંડા પાણી પીઓ તો શરદી કેવી રીતે દૂર થાય? જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ "<u>પર</u>"માં પરિણમે છે તેથી અસ્થિરતા થાય છે. તેથી ક્રિયા રૂપી ઔષધ દોષોને નાશ પમાડવામાં સહાયભૂત થતું નથી. <u>પર વસ્તુ બાધક જ અસ્થિર છે તેથી આત્મા અસ્થિર બને છે.</u> આપણને <u>અસ્થિર થવામાં ત્રણ શલ્ય કારણભૂત છે. માયા શલ્ય, મિથ્યાત્વ શલ્ય અને નિયાણા શલ્ય.</u>

આમાં પ્રધાન શલ્ય મિથ્યાત્વ શલ્ય છે માટે તેને વચમાં મૂક્યું. તે હોય તો જ માયાશલ્ય અને નિયાણા શલ્ય આવી શકે.

મિથ્યાત્વ શલ્યના કારણે આત્મામાં જ્ઞાનનો સાચો નિર્ણય થતો જ નથી, તે વિપરીત જ્ઞાન કરાવે છે તેથી જ્ઞાન મલિન બને છે. મિથ્યાત્વના બે કાર્યો છે.

(૧) વસ્તુમાં નિર્ણય વિપરીત કરે (જ્ઞાનને મલિન કરે)

(૨) રુચિનો પરિણામ 'સ્વ'ના બદલે 'પર'માં ફેરવી નાંખે.

ધર્મ અને ક્રિયા બન્ને શબ્દ ભિન્ન છે. વ્યવહારથી ધર્મ ક્રિયા કરી પરંતુ ધર્મમાં ઉપયોગ નહિ તો માત્ર ક્રિયા જ કરી. ધર્મ ઘૂંટયો સાથે સાથે માન હોંશ પ્રગટ થયાં.— કે મેં ક્રિયા બરાબર કરી છે આહિ માયા શલ્ય આદિનો ઉત્પન્ન રહ્યું કેમકે મિથ્યાત્વ ગયું નથી.

મિથ્યાત્વ શલ્ય ધર્મના ફળને કાપે છે. <u>તેથિ પુણ્ય મળ્યું પણ ધર્મનું ફળ ન મળ્યું.</u>

આ ત્રણ શલ્ય નીકળે નહીં ત્યાં સુધિ દોષો દૂર કરવાનો ધર્મ થશે જ નહીં.

ચિત્તને આ રીતે સ્થિર કર્યા વિના, કરવાની વસ્તુ વિના, માત્ર ક્રિયા કરવાથી જો આત્મસુખનો લાભ ન દેખાતો હોય તો તેમાં ક્રિયાનો દોષ નથી. દોષ છે મનની અસ્થિરતાનો - વૈષયિક સુખોની સ્પૃહા (ઇચ્છા)નો.